મહિલા આટર્સ કોલેજ, મોતીપુરા, હિંમતનગર

વર્ષ-૨૦૧૮-૧૯

કોલેજ પ્રવૃત્તિ અહેવાલ

- (૧) 12/06/2018 ને મંગળવારના રોજ પ્રિ.ડૉ.કે.એલ.પટેલના અધ્યક્ષ સ્થાને સ્ટાફ મીટીંગ યોજાઈ જેમાં વર્ષ-2018-19માં કોલેજની વિવિધ પ્રવૃત્તિઓ અને રજત જયંતિ વર્ષની ઉજવણી સંદર્ભે વિવિધ કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી

- <u>મહિલા આટર્સ કોલેજ, વિદ્યાનગરી હિંમતનગરનું ઝળહળતું પરિણામ</u>

શૈક્ષણિક વર્ષ-૨૦૧૮ નું યુનિવર્સિટી પરીક્ષાનું પરિણામ એની પરંપરાને જાળવતા ઉમદા રહ્યું છે જે યુનિ. અને જીલ્લાની વિવિધ કોલેજો કરતા સર્વશ્રેષ્ઠ રહ્યું છે. જેમાં બી.એ.સેમ-૨ માં ૯૭% બી.એ.સેમ-૪ માં ૮૯% અને બી.એ.સેમ-૬ માં ૮૯.૫૦% રહ્યું છે. બી.એ.સેમ-૬ માં કોલેજ કક્ષાએ પ્રથમ ત્રણ તેજસ્વી તારલાઓમાં **પ્રથમ ક્રમે** ઝાલા આરતી એચ. ૭૬% **દ્વિતીય ક્રમે** ઠક્કર નિકિતા જી. ૭૪% અને **તૃતીય ક્રમે** રાવલ આરતી આર. ૭૨% પરિણામ મેળવી કોલેજ અને શહેરનું ગૌરવ વધાર્યું છે. આ ગૌરવપ્રદ પ્રસંગે મહિલા આટર્સ કોલેજના પ્રિ.ડૉ.કે.એલ.પટેલ અને કેળવણી મંડળના પ્રમુખ મા.શ્રી.ડૉ.ડી.એલ.પટેલે સૌ તેજસ્વી તારલાઓને અને સૌ સ્ટાફ મિત્રોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

**'કન્યાકેળવણી' અભિયાન**

- (૨) તા.13/07/2018 થી તા.15/07/2018 દરમિયાન મહિલા આટર્સ કોલેજના ઉપક્રમે 'કન્યાકેળવણી' અભિયાન અંતર્ગત કોલેજના તમામ શૈક્ષણિક કર્મચારીગણ જિલ્લાના જુદા-જુદા ગામડાઓ અને સ્કૂલોમાં રૂબરૂ જઈ શિક્ષણરથ અભિયાનને વેગવંતુ કરેલ જેમાં ઉચ્ચશિક્ષણની આવશ્યકતા પર માર્ગદર્શન આપેલ છે.

- (૩) તા. 16/06/2018 ને રવિવારના રોજ એપ્રેન્ટીસ યોજના અંતર્ગત ભરતી મેળામાં યુનિ. પાટણ ખાતે મંડળ પ્રતિનિધિ તરીકે પ્રિ.ડૉ.કે.એલ. પટેલે ફરજ બજાવી હતી.

**યોગ સપ્તાહની ઉજવણી**

- (૪) તા. ૧૬-૦૬-૧૮ થી ૨૫-૦૬-૧૮ દરમિયાન યોગ સપ્તાહની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી કોલેજના પ્રિ.ડૉ.કે.એલ.પટેલના માર્ગદર્શન હેઠળ પ્રા.વાય.એચ.પટેલે કોલેજની ૧૦૦ જેટલી વિદ્યાર્થીનીઓને યોગ તાલીમ આપી હતી.

<u>ઈન્ટરનેશનલ યોગ દિવસની થયેલી દબદબાભેર ઉજવણી</u>



Scanned with CamScanner

તા.૨૧/૦૬/૨૦૧૮ ને ગુરુવારના રોજ શિક્ષણવિદ્ અને વિદ્યાનગરીના સંસ્થાપક મા.શ્રી.ડૉ.ડી.એલ.પટેલના અધ્યક્ષ પદે ઈન્ટરનેશનલ યોગ દિવસની દબદબાભેર ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે કેળવણી મંડળના મંત્રીશ્રી ડૉ.દેવેન્દ્રભાઈ સુતરીયા, સર્જન ટ્રસ્ટ ના મંત્રી મા.મહેન્દ્રભાઈ પટેલ, અને વિવિધ સંસ્થાઓના આચાર્યશ્રીઓ તેમજ વિદ્યાનગરી સંલગ્ન વિવિધ ૧૮ ભગિની સંસ્થાઓના ૨૦૦ કર્મચારીઓ અને ૨૫૦૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમની શરુઆતમાં મહિલા આટર્સ કોલેજના પ્રિ.ડૉ.કે.એલ.પટેલે યોગ અને તેની ઉજવણીનું મહત્વ સમજાવી મહેમાનોને આવકાર્યા હતા. યોગ ટ્રેનર પ્રા.ડૉ.યશવંતભાઈ પટેલ અને રાઠોડ અરવિંદસિંહજીએ વિવિધ આસનો અને પ્રાણાયમ કરાવી યોગ દિવસને સાર્થક્ય આપ્યું હતું સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો.ડૉ.અરવિંદ એસ.પટેલ અને આભારવિધિ કેમ્પસ ડાયરેક્ટર પ્રો.ડૉ.હિતેશભાઈ પટેલે  કરી હતી. પ્રો.ડૉ.પી.એચ.પટેલ, વિજયભાઈ ભરખડા તેમજ સૌ કર્મચારી મિત્રો ના સાથ સહકારથી કાર્યક્રમ સફળ બન્યો હતો.

- તા.25/06/2018 ને સૌમવારના રોજ જ્ઞાનધારાના ઉપક્રમે 'વ્યસનનાબુદી અભિયાન' અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ જેમાં 20 જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો.

વક્તૃત્વ સ્પર્ધા- 1 શેખ મુસ્કાન (ગુજરાતી) ગુજરાતી સેમ-૩
2. પટેલ શ્યામલી (હિન્દી) સેમ-૩
3. પટેલ કૃપા (સંસ્કૃત) સેમ-૩

નિબંધ સ્પર્ધા- 1 નિનામા રાધા (ગુજરાતી) સેમ-૩
2 નાયી હેતલ (ગુજરાતી) સેમ-૩
3. પટેલ હેત્વી (ગુજરાતી) સેમ-૩

કાર્યક્રમનું સમગ્ર સંચાલન પ્રિ.ડૉ.કે.એલ.પટેલના માર્ગદર્શન હેઠળ પ્રા.ડૉ.એ.એસ.પટેલે કર્યુ.

## આંતરરાષ્ટ્રીય માદક પદાર્થની ગેરકાયદેસર હેરાફેરી વિરોધી દિનની થયેલી ઉજવણી

રજત જયંતિ વર્ષ ઉજવણી અંતર્ગત તા.૨૬/૦૬/૨૦૧૮ ને મંગળવારના રોજ શિક્ષણવિદ્ અને વિદ્યાનગરીના સંસ્થાપક મા.શ્રી.ડૉ.ડી.એલ.પટેલના અધ્યક્ષ પદે આંતરરાષ્ટ્રીય માદક પદાર્થ તેની ગેરકાયદેસર હેરાફેરી વિરોધી દિનની દબદબાભેર ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે જેમાં ઉદઘાટક પદે સા.કા. ડિસ્ટ્રીક્ટ સિવીલ જજ મા.શ્રી.એચ.બી.જોટાણીયા મુખ્ય મહેમાન પદે નશાબંધી અધિક્ષક મા.શ્રી.કે.એન.ભોજક, પોલીસ ઈન્સપેક્ટર પી.જી.પરમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના કર્મચારીઓ અને ૨૫૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમની શરુઆતમાં મહિલા આટર્સ કોલેજના પ્રિ.ડૉ.કે.એલ.પટેલે મહેમાનોને આવકારી કાર્યક્રમની ઉજવણીનું મહત્વ સમજાવ્યુ હતું. આ કાર્યક્રમ અંતર્ગત ૨૧ વિદ્યાર્થીનીઓએ નશાબંધી વિષય પર નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. પ્રાસંગિક પ્રવચનોમાં



Scanned with CamScanner

ડૉ.ડી.એલ.પટેલ અને મહાનુભાવોએ વિદ્યાર્થીઓને સમાજના જાગ્રત પ્રહરી બની સરકાર અને સમાજના આ અભિયાનમાં સહકાર આપવા અપીલ કરી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો.ડૉ.અરવિંદ એસ.પટેલ અને આભારવિધિ પ્રો.ડૉ.પી.એચ.પટેલે કરી હતી. સૌ કર્મચારી મિત્રો ના સાથ સહકારથી કાર્યક્રમ સફળ બન્યો હતો.

## ત્રિવિધ કાર્યક્રમ યોજાયા

- તા.૦૨/૦૭/૨૦૧૮ ને સોમવારના રોજ કોલેજના પ્રિ.ડૉ.કે.એલ.પટેલના અધ્યક્ષ પદે વિદ્યાર્થી આવકાર સંસ્થા પરિચય, એન.એસ.એસ. ઓરિએન્ટેશન અને કમ્પ્યુટર લેબ કો-ઓડિનેટર શ્રીમતી રાગીણીબેન ઔદિચ્યનો વિદાય સન્માન કાર્યક્રમ દબદબાભેર યોજાયો. આ કાર્યક્રમમાં કોલેજના કર્મચારીઓ અને ૨૫૦ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. કાર્યક્રમની શરુઆતમાં પ્રો.ડૉ.બી.એલ.પટેલે વિદ્યાર્થીનીઓને આવકારી સ્ટાફ, સંસ્થા પરિચય, સાથે એન.એસ.એસ. નું મહત્વ સમજાવ્યુ હતું પ્રાસંગિક પ્રવચનોમાં ડૉ.કે.એલ.પટેલે વિદ્યાર્થીઓને સમાજના જાગ્રત પ્રહરી બનતા સરકાર અને સમાજના આ અભિયાનમાં સહકાર આપવા અપીલ કરી હતી વિદાય લેતા રાગીણીબહેનને સંસ્થા ધ્વારા બુકે,મોમેન્ટો અને સન્માન પત્ર અર્પણ કરી તેમના સુંદર કાર્યને પ્રસંશનીય નોંધ લઈ એમના ઉજ્જવળ ભવિષ્યની સૌએ શુભકામનાઓ પાઠવી હતી

## પ્રવેશોત્સવ યોજાયો.

તા.૧૦-૦૭-૨૦૧૮ના રોજ મા.શ્રી ડૉ. ડી.એલ.પટેલના અધ્યક્ષ પદે બી.એ.સેમ-૧માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીનીઓનો દબદબાભેર પ્રવેશોત્સવ કાર્યક્રમ સંપન્ન થયો. જેમાં ઉદ્દઘાટક પદે મા. સ્તુતિ ચારણ ( કાં.ઓ.સા.ડી.ડી) મુખ્ય મહેમાન પદે શ્રી અનિરુદ્ધભાઈ સોરઠીયા ( પ્રમુખશ્રી નગરપાલિકા હિંમતનગર), મા.શ્રી.દેવેન્દ્રભાઈ સુતરીયા (પ્રમુખશ્રી સુપથ ગ્રામોદ્યોગ, મા.નારાયણભાઈ ઉપાધ્યાય, મા.ડૉ.હિતેષભાઈ પટેલ (કેમ્પસ ડાયરેકટર), મા.શ્રી.એમ.ડી.પટેલ (મંત્રીશ્રી સર્જન ટ્રસ્ટ હિંમતનગર) ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## 'અષાઢસ્ય પ્રથમ દિને'

- તા.13/07/2018 ના રોજ સંસ્કૃત વિભાગના ઉપક્રમે 'અષાઢસ્ય પ્રથમ દિને' કાર્યક્રમમાં કવિ કાલિદાસનું જીવન અને કૃતિઓ પર અધ્યાપકોએ અને વિદ્યાર્થીનીઓએ વક્તવ્યો આપ્યા હતા.

## વૃક્ષારોપણ

- તા.24/07/2018 ના રોજ એન.એસ.એસ. યુનિટના ઉપક્રમે કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં કેમ્પસમાં ગત વર્ષે ઉગાડેલા વૃક્ષોનું સંવર્ધન તથા વૃક્ષારોપણ કરવામાં આવ્યું.



Scanned with CamScanner

**કવિશ્રી ઉમાશંકર જોષીની જન્મ જયંતી**

- તા.21/07/2018 ના રોજ ગુજરાતી વિભાગના ઉપક્રમે કવિશ્રી ઉમાશંકર જોષીની જન્મ જયંતી કાર્યક્રમ અંતર્ગત કવિનું જીવન-કવન વિશે વ્યાખ્યાન યોજાયુ. આભાર વિધિ ડો. કે.વી.ગાંવિતે કરી હતી.

**ગૌરીપૂજન અર્ચન**

- તા.26/07/2018 એન.એસ.એસ. યુનિટના ઉપક્રમે ગૌરીપૂજન અર્ચન કાર્યક્રમ પાંચ દિવસ જ્ઞાનેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં 30 જેટલી વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી.

**ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી**

- તા.27/07/2018 એન.એસ.એસ. દ્વારા ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી જેમાં સ્વયંસેવકો દ્વારા ગુરૂપૂજન તેમજ વક્તવ્યો આપ્યા હતા. પ્રિ.ડૉ.કે.એલ.પટેલે ગુરૂ પરંપરા વિશે વકતવ્ય આપ્યું હતું.

**"સ્વચ્છભારત પખવાડીયાની ઉજવણી**

- તા.01/08/2018 થી તા.15/08/2018 દરમિયાન એન.એસ.એસ.યુનિટ દ્વારા "સ્વચ્છભારત પખવાડીયાની ઉજવણી થઈ. જેમાં કેમ્પસ સફાઈ કલાસરૂમ સફાઈ તથા સફાઈના સંકલ્પ લેવડાવ્યા હતા.

**"ગ્રંથાલય અભિમુખ કાર્યક્રમ"**

- તા. 02/08/2018 ના રોજ ગ્રંથાલય વિભાગના ઉપક્રમે "ગ્રંથાલય અભિમુખ કાર્યક્રમ" યોજવામાં આવ્યો. જેમાં કોલેજની વિદ્યાર્થીનીઓમાં વાંચન શોખ વધે તે માટે જરૂરી માર્ગદર્શન આપી ગ્રંથપાલ શ્રીમતી ભાગીરથીબેને વકતવ્ય આપ્યું હતું. પ્રિ.ડૉ.કે.એલ.પટેલે જીવન વિકાસ માટે વાંચનનું મહત્વ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. વધુમાં દરેક વિદ્યાર્થી વર્ષ દરમિયાન એક પુસ્તકનું વાંચન કરી બૂકરીવ્યું તૈયાર કરી ગ્રંથપાલશ્રીને સુપ્રત કરવા જણાવ્યું હતુ.

**મહિલા શિક્ષણ સહકારી તાલીમ વર્ગ"**

- તા.06/08/2018 થી તા.11/08/2018 દરમિયાન મહિલા શિક્ષણ સહકારી તાલીમ વર્ગ" જિલ્લા સંઘના સહયોગથી યોજાયો. જેમાં એન.એસ.એસ. નો સહયોગ રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં શ્રીમતી રમાબેન ખરાડીએ વકતા પદે સહકારી ક્ષેત્રની જિલ્લાની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી અને સ્વ-રોજગાર માટે માર્ગદર્શન પુરૂ પાડયું હતુ.

**'સંસ્કૃત સંભાષણ તાલીમ'**

તા.06/08/2018 થી તા.14/08/2018 દરમિયાન સંસ્કૃત વિભાગ દ્વારા 'સંસ્કૃત સંભાષણ તાલીમ' વર્કશોપ યોજાયો. જેમાં સંસ્કૃત વિષયની 40 વિદ્યાર્થીની જોડાઈ હતી. સમગ્ર આયોજન પ્રા.ડૉ.રીટાબેન જોષીના માર્ગદર્શન નીચે થયું હતું.

**"મહિલા વિશ્વ દિન"**

- તા.07/08/2018 ના રોજ "મહિલા વિશ્વ દિનની" ઉજવણીના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના અને મહિલા કોલેજના સંયુકત ઉપક્રમે "સ્ત્રી સશકિતકરણ" કાર્યક્રમ યોજાયો.

**'રેડ ડે'ની ઉજવણી**

- તા.06/08/2018ના રોજ એન.એસ.એસ. યુનિટના ઉપક્રમેં 'રેડ ડે'ની ઉજવણી કરવામાં આવી જેમાં સર્વે વિદ્યાર્થીનીઓ અને સ્ટાફ રેડ કલરના વસ્ત્રપરિધાનથી સજ્જ હતા.

**. "કાનૂની માર્ગદર્શન" વર્કશોપ**

- તા.09/08/2018 નો રોજ "કાનૂની સેવા મંડળ" હિંમતનગરના સહયોગથી "કાનૂની માર્ગદર્શન" વર્કશોપ યોજાયો જેમાં એડવોકેટ શ્રી જોટાણીયાએ વકતવ્ય આપ્યું હતુ.

**સાબરડેરીની મુલાકાત**

- તા.10/08/2018 ના રોજ એન.એસ.એસ. યુનિટની વિદ્યાર્થીઓનો વન-ડે પ્રોગ્રામ જિલ્લાની સહકારી સંસ્થા" સાબરડેરીની મુલાકાત ગોઠવવામાં આવી. જેમાં એન.એસ.એસ.ની 100 જેટલી વિદ્યાર્થીની જોડાઈ હતી.
- તા.13/08/2018 ના રોજ એન.એસ.એસ. યુનિટના ઉપક્રમે જરૂરીયાતમંદ ને કપડા વિતરણ કાર્યક્રમ યોજાયો. જેમાં કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા પોતાના ઘરે વધારાના બિન ઉપયોગી વસ્ત્રો હોય તે લાવીને ઝૂંપડપટ્ટી વિસ્તાર તેમજ કોલેજમાં પણ જે વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે. તેમને જરૂરીયાત મુજબ કપડા વિતરણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં કોલેજની 50 સ્વયં-સેવક બહેનો જોડાઈ હતી.
- તા.15/08/2018 ના રોજ કોલેજના ઉપક્રમે રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવી જેમાં એન.એસ.એસ. યુનિટના વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન થયું હતું.

**એક દિવસીય પરિસંવાદ**

- તા.૧૫-૧૮-૨૦૧૮ના રોજ સ્વર્ણિમ સપ્તધારા અંતર્ગત "જીવન વિકાસ માટે વ્યકિતત્વની પ્રતિબદ્ધતા" વિષય પર એક દિવસીય પરિસંવાદ ડૉ.ડી.એલ.પટેલના અધ્યક્ષ સ્થાને બ્રહ્માકુમારી ઉષાબેનના મુખ્ય વકતા પદે યોજાઈ ગયો. જેમાં કોલેજની ૩૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી.

'સફળતાનો રાજ માર્ગ નિર્ભયતા'



Scanned with CamScanner

• તા. ૧૮/૦૮/૨૦૧૮ રોજ જ્ઞાનધારાના ઉપક્રમે ડૉ.ડી.એલ.પટેલ અધ્યક્ષ સ્થાને 'સફળતાનો રાજ માર્ગ નિર્ભયતા' વિષય પર રાજયોગીની શોભનાબેને વ્યાખ્યાન આપ્યું.

**વાજપેયીને શ્રદ્ધાંજલિ**

• તા. ૧૮-૦૮-૨૦૧૮ના રોજ કોલેજ પ્રાર્થના સમિતિના ઉપક્રમે NSS યુનિટ દ્વારા પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને શ્રદ્ધાંજલિ સભા યોજાઈ.

**'કબીર દોહા જ્ઞાન સ્પર્ધા'**

• તા. ૨૩-૦૮-૨૦૧૮ના રોજ હિન્દી વિભાગના ઉપક્રમે પ્રિ.ડૉ.કે.એલ.પટેલના અધ્યક્ષ સ્થાને 'કબીર દોહા જ્ઞાન સ્પર્ધા' યોજાઈ જેમાં હિન્દી વિષયની ૨૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

**રક્ષાબંધન પર્વ**

• તા.૨૭-૦૮-૨૦૧૮ના રોજ N.S.S યુનિટના ઉપક્રમે રક્ષાબંધન પર્વની ઉજવણી પ્રિ.ડૉ.કે.એલ.પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો. જેમાં N.S.S બહેનો દ્વારા સમગ્ર કર્મચારીગણ તથા બહેનોએ રાખડી બાંધી મો મીઠુ કરાવ્યું.

**સ્વયંશિક્ષક દિવસ**

• તા.૦૫-૦૯-૨૦૧૮ના રોજ N.S.S યુનિટના ઉપક્રમે સ્વયંશિક્ષક દિવસની ભવ્ય ઉજવણી પ્રિ.ડૉ.કે.એલ.પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ. જેમાં કોલેજની ૬૦ જેટલી વિદ્યાર્થીનીઓ અધ્યાપક બની હતી વિવિધ હોદ્દાઓની ભૂમિકા અદા કરી હતી. કાર્યક્રમના અંતે સૌને મોમેન્ટો આપી બિરદાવવામાં આવ્યા હતા.

**'સ્વચ્છતા સંવર્ધન'**

• તા.૭-૯-૨૦૧૮ના રોજ એન.એસ.એસ.ના ઉપક્રમે પ્રિ.ડૉ.કે.એલ.પટેલના અધ્યક્ષ સ્થાને 'સ્વચ્છતા સંવર્ધન' વિષય પર પ્રો.ડૉ.સંજય ડોડીયા (સ્વામીનારાયણ આટર્સ કોલેજ, અમદાવાદ) વ્યાખ્યાન યોજાયું. જેમાં કોલેજની ૨૦૦ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી.

**'ગણપતિ મહોત્સવ**

• તા. ૧૩-૯-૧૮ ના રોજ N.S.S યુનિટના ઉપક્રમે 'ગણપતિ મહોત્સવ' યોજાયો. જેમાં ગણપતિ દાદાની સ્થાપના અનેદરરોજ પૂજા-અર્ચના અને પ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર સ્ટાફનો સહકાર રહ્યો હતો.

**રંગોલી સ્પર્ધા**

• તા. ૧૯-૯-૧૮ ના રોજ "કલા કૌશલ્યા ધારા" ના ઉપક્રમે રંગોલી સ્પર્ધા યોજાઈ. જેમાં કોલેજની ૧૮ વિદ્યાર્થીનીએએ ભાગ લીધો હતો.



Scanned with CamScanner

'મેડીકલ સેવા કેમ્પ'

- તા. ૨૦-૯-૧૮ ના રોજ N.S.S યુનિટના ઉપક્રમે અંબાજી પદયાત્રીઓ માટે 'મેડીકલ સેવા કેમ્પ' યોજાયો જેમાં પ્રા.ડૉ.પી.એચ.પટેલના માર્ગદર્શન હેઠળ કોલેજની ૧૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ આ સેવા કેમ્પમાં જોડાઈ હતી.

મોટીવેશન સેમિનાર

- તા.૨૨-૯-૧૮ ના રોજ મહિલા આટર્સ કોલેજના ઉપક્રમે ડૉ.ડી.એલ.પટેલના અધ્યક્ષસ્થાને મોટીવેશન સેમિનાર ભવ્યાતિભવ્ય રીતે યોજાયો. જેમાં અમદાવાદથી નેશનલ વકતા શ્રી સૌરીન ભંડારીએ વ્યાખ્યાન આપ્યુ હતું. ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

N.S.S દિવસની ઉજવણી

- તા.૨૪-૯-૧૮ ના રોજ N.S.S યુનિટના ઉપક્રમે નેશનલ કક્ષાએ N.S.S દિવસની ઉજવણીની સુવર્ણજયંતીની ઉજવણીના ભાગરૂપે પ્રિ. ડૉ.ડી.એલ.પટેલના અધ્યક્ષસ્થાને N.S.Sની ઉપયોગીતા અને વ્યકિતત્વ વિકાસ પ્રેરક વ્યાખ્યાન આપ્યુ હતુ. આ પ્રસંગે કોલેજની ૨૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. સંચાનલ ડૉ. પી.એચ.પટેલે કર્યુ હતું.

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી

- તા.૨-૧૦-૧૮ ના રોજ N.S.S યુનિટના ઉપક્રમે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીના ભાગરૂપે 'સર્વધર્મ પ્રાર્થના અને ગાંધીવિચારનું વાંચન' વિષય પર કાર્યક્રમ યોજાયો. પ્રિ.ડૉ.ડી.એલ.પટેલે ગાંધીજીના જીવન સાથે સરદાર પટેલનું જીવનની તુલના કરી આદર્શ જીવન જીવવા માર્ગદર્શન આપ્યું હતું.

## મા.શ્રી ડૉ. ડી.એલ. પેટલ જ્ઞાનસત્ર ૨૦૧૮-૧૯ યોજાયું.

તા.૨૬-૧૦-૨૦૧૮ના રોજ મા.શ્રી. ડૉ. ડી.એલ.પટેલ જ્ઞાનસત્ર ૨૦૧૮-૧૯ દબદબાભેર યોજાયું. જેમાં અધ્યક્ષ પદે શિક્ષણવિદ્દ સમાજ સેવક અને વિદ્યાનગરીના સ્થાપક મા.શ્રી. ડૉ. ડી.એલ.પટેલ, વકતા પદે કોર્પોરેટ ટ્રેનર અને કાઉન્સેલર તેમજ ગુજરાત સરકારના ચિંતન શિબીર પુરસ્કૃત વકતા મા.શ્રી. દિનેશભાઈ સેવક, ઉદ્દઘાટક પદે હિંમતનગરના નગરપાલિકાના ચીફ ઓફિસર મા.શ્રી. આશિષકુમાર દરજી, મુખ્ય મહેમાન પદે સુપથ ગ્રામોદ્યોગ સંસ્થાના ડાયરેકટર મા.શ્રી. ડૉ.દેવેન્દ્રભાઈ સુતરીયા , વિદ્યાનગરીના ઉપપ્રમુખ મા.શ્રી. નારાયણભાઈ ઉપાધ્યાય, સર્જન ટ્રસ્ટના મંત્રીશ્રી એ.ડી.પટેલ, કેમ્પસ ડાયરેકટર ડૉ. હિતેષભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્રિ. ડૉ. કે.એલ.પટેલે સ્વાગત પ્રવચનમાં મહેમાનોને આવકારી કાર્યક્રમનો ઉદ્દેશ્ય રજૂ કર્યો હતો. વકતાશ્રી એ વિવિધ ઉદાહરણ સહિત



Scanned with CamScanner

મારું જીવન એજ કર્તવ્ય વિષયને સમૃદ્ધ વિચારો થકી રજૂ કરી શ્રોતાઓને લાભાન્વિત કર્યા હતા. ડી.એલ.પટેલ અને મહેમાનોએ એમના વકતવ્યોમાં જ્ઞાન લાભ દ્વારા જીવન વિકાસ સાધવા પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમનો લાભ વિદ્યાનગરીના ૯૦૦ વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓએ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રો. અરવિંદપટેલ અને આભારવિધી ડૉ. હિતેષભાઈ પટેલે કરી હતી. પ્રો.પી.એચ. પટેલ, પ્રો.ડી.કે.ભોયા અને બી.એમ.ગોસ્વામી તેમજ સૌ સ્ટાફ મિત્રોનો સહકાર સરહાનીય રહ્યો હતો.

**વાલીસંમેલન**

- તા. ૨૭-૧૦-૧૮ ના રોજ મહિલા આર્ટ્સ કોલેજના યજમાન પદે વાલીસંમેલન યોજવામાં આવ્યુ હતુ. જેમાં પ્રિ. ડૉ.ડી.એલ.પટેલે સૌને આવકારી કોલેજની ઉપલબ્ધિઓ જણાવી વિદ્યાર્થી વિકાસ માટે મોટીવેશન રૂપ વકતવ્ય આપ્યું હતુ. કાર્યક્રમમાં વાલીઓએ અનેક સૂચનો આપ્યા હતા. કોલેજની વિવિધ પ્રવૃત્તિઓ અને શિસ્તને બિરદાવી હતી. કાર્યક્રમમાં ૧૦૦ જેટલા વાલીઓ જોડાયા હતા.

**N.S.S વાર્ષિક શિબિર**

- તા.૫-૧૨-૧૮ થી ૧૧-૧૨-૧૮ દરમિયાન વામોજ મુકામે N.S.S વાર્ષિક શિબીર યોજાઈ. શિબિરમાં ગ્રામજન જાગૃતિ અભિયાન અંતર્ગત, સ્વચ્છતા, સાંસ્કૃતિક કાર્યક્રમો, વ્યસન નાબૂદી, અભિયાન જેવા અનેક કાર્યક્રમો યોજાયા. પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં ડૉ.ડી.એલ.પટેલ હાજર રહયા હતા. વ્યાખ્યાનો યોગ, પ્રાણાયામ, પ્રભાતફેરીમાં કોલેજની ૧૦૦ વિદ્યાર્થીનીઓ શિબિરમાં જોડાઈ હતી. સમગ્ર સંચાલન ડૉ.પી.એચ.પટેલે અને ડૉ.બી.એલ.પટેલે કર્યુ હતુ.

**માર્ગદર્શન મીંટીગ**

- તા.૧૫-૧૨-૧૮ ના રોજ વિશ્વમંગલમ્ કેળવણી મંડળ સંચાલિત ભગીની સંસ્થાઓના કર્મચારીના મંડળના પ્રમુખ શ્રી ડૉ.ડી.એલ.પટેલના માર્ગદર્શન હેઠળ મીંટીગનું આયોજન કરવામાં આવ્યુ.

**'ગીતા જયંતી'**

- ૧૯-૧૨-૧૮ ના રોજ સંસ્કૃત વિભાગના ઉપક્રમે 'ગીતા જયંતી'ના શ્લોકોનું પઠન તથા વ્યાખ્યાન યોજાયું.

**'સ્વચ્છ ભારત મિશન'**

- તા. ૨૭-૧૨-૧૮ ના રોજ N.S.S યુનિટના ઉપક્રમે 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત સેમિનાર યોજાયો. જેમાં પ્રિ.ડૉ.કે.એલ.પટેલે સૌને આવકારી સ્વચ્છતા માટે જાગૃતિ અભિયાન માટે હાકલ કરી હતી આ પ્રસંગે નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી નરેશભાઈ ભટ્ટ તથા જુદી જુદી કોલેજના પ્રો.ઓફિસરો તેમજ વિદ્યાર્થીઓ જોડાયા હતા.



Scanned with CamScanner

## નૂતન વર્ષના વધામણાં-૨૦૧૯

- તા.૧-૧-૧૯ ના રોજ નૂતન વર્ષના વધામણાં-૨૦૧૯ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. હાથમાં દિવો પ્રગટાવી સૌ વિદ્યાર્થીની તેમજ અધ્યાપકો સાથે મા અંબાની આરતીનું ગાન કરી નવા વર્ષના વધામણાંની ઉજવણી કરવામાં આવી હતી.

## મતદાન જાગૃતિ

- તા.૧-૧-૧૯ના રોજ N.S.S યુનિટના ઉપક્રમે સ્વચ્છ ભારત અંગે તથા મતદાન જાગૃતિ અને લોકશાહીના રક્ષણ માટેના સંકલ્પ લેવામાં આવ્યા. સૌએ પોતાની નૈતિક જવાબદારી સ્વીકારી લોક જાગૃતિ અભિયાન ઉપાડવા માટે હાકલ કરી હતી. પ્રિ.ડૉ.કે.એલ.પટેલ આ પ્રસંગે સૌને જાગૃત થવા હાકલ કરી હતી.

## ટેબ્લેટ વિતરણ

તા. ૩-૧-૧૯ના રોજ પ્રિ.ડૉ.કે.એલ.પટેલના અધ્યક્ષ સ્થાને બી.એ.સેમ-૧ વિદ્યાર્થીનીઓને ટેબલેટ વિતરણ કરવામાં આવ્યા.

## 'જનરલ નોલેજ ટેસ્ટ'

- તા.૧૦-૧૧-૧૯ના રોજ ગ્રંથાલય વિભાગ દ્વારા કોલેજની વિદ્યાર્થીનીઓ માટે 'જનરલ નોલેજ ટેસ્ટ' યોજાયો. જેમાં કોલેજની વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી ડૉ.ડી.એલ.પટેલે શુભેચ્છા પાઠવી હતી.

## ભારતીય નાટય સાહિત્ય વિષય પર નેશનલ સેમિનાર યોજાયો

- તા.૧૮/૦૧-૧૯ને શુક્રવારના રોજ "ભારતીય નાટય સાહિત્ય" વિષય પર એક દિવસીય નેશનલ સેમિનાર યોજાયો. જેમાં અધ્યક્ષ પદે વિદ્યાનગરીના સ્થાપક અને શિક્ષણવિદ્‌ મા.શ્રી.ડૉ.ડી.એલ.પટેલ, ઉદ્‌ઘાટક પદે નાયબ પોલીસ અધિક્ષક મા.શ્રી.દિનેશસિંહ એમ. ચૌહાણ,મા.શ્રી.ડૉ.દેવેન્દ્રભાઈ સૂતરીયા, વિદ્યાનગરીના ઉપ પ્રમુખ મા.નારાયણભાઈ ઉપાધ્યાય,સર્જન ટ્રસ્ટ ના મંત્રી.શ્રી. એમ.ડી.પટેલ, વિદ્યાનગરીના ડાયરેકટર મા.શ્રી.ડૉ.હિતેષભાઈ પટેલ, .હિતેષભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.
- તા. ૧૧-૦૧-૧૯ના રોજ નેક સંદર્ભે પ્રમુખશ્રી ડૉ.ડી.એલ.પટેલ સાથે મીટીંગ યોજાઈ.
- તા.૨૨-૦૧-૨૦૧૯ના રોજ કોલેજના યજમાન પદે ફૂડ ફેસ્ટીવલ યોજાયો. જેમાં ડૉ.રીટાબેન જોષી અને દીક્ષા સાવલાના માર્ગદર્શન હેઠળ ૪૦ વિદ્યાર્થીનીઓ જુદી-જુદી વસ્તુઓ ઘરેથી બનાવી લાવી હતી. અને આર્થિક ઉપાર્જન પ્રાપ્ત કરી હતી. પ્રિ.ડૉ.કે.એલ.પટેલે સૌને અભિનંદન પાઠવ્યા હતા.

## 'વ્યાવસાયિક માર્ગદર્શન વર્કશોપ'



Scanned with CamScanner

- તા.૨૩-૦૧-૨૦૧૯ ના રોજ કોલેજના સપ્તધારા ઉપક્રમે પ્રિ.ડૉ.કે.એલ.પટેલના અધ્યક્ષસ્થાને 'વ્યાવસાયિક માર્ગદર્શન વર્કશોપ' યોજાયો.જેમાં પરખ સંસ્થાના ડાયરેકટર સુરેશભાઈ પટેલે માર્ગદર્શન આપ્યુ હતુ. કોલેજની ઉદીશા કલબ અંર્તગત આ વર્કશોપ યોજાયો. જેમાં કોલેજની ૩૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી.

વન-ડે વર્કશોપ

- તા. ૨૪-૦૧-૨૦૧૯ ના રોજ ઉચ્ચશિક્ષણ કમિશ્નર કચેરી દ્વારા યોજાયેલ AISHE અંતર્ગત વન-ડે વર્કશોપ ગ્રોમોર કોલેજ ખાતે યોજાયો. જેમાં કોલેજના પ્રિ.ડૉ.કે.એલ.પટેલ, ડૉ. બી.એલ.પટેલ, ડૉ.પી.એચ.પટેલ, ડૉ.એ.એસ.પટેલ તથા શ્રી પી.જી.પટેલે ભાગ લીધો હતો. મુખ્ય વકતા પ્રો.ડૉ. આર.કે.શાહ હતા.

"મતદાન દિનની ઉજવણી"

- તા.૨૫-૦૧-૨૦૧૯ કોલેજની કલા કૌશલ્યધારા અંતર્ગત અને N.S.S યુનિટના સંયુકત ઉપક્રમે "મતદાન દિનની ઉજવણી" નિમિત્તે માર્ગદર્શન અને રંગોલી સ્પર્ધા યોજાઈ. જેમાં કોલેજની ૫૦ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. સમગ્ર સંચાલન પ્રો.ડૉ.પી.એચ.પટેલે કર્યું હતું.

પ્રજાસત્તાક દિનની ઉજવણી

- તા. ૨૬-૧-૧૯ ના રોજ મહિલા આટર્સ કોલેજના યજમાન પદે સમગ્ર વિદ્યાનગરી કેમ્પસમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

નેશનલ યુથ પાર્લામેન્ટ ફેસ્ટીવલ-૨૦૧૯

- તા. ૨૮-૦૧-૨૦૧૯ના મહિલા આટર્સ કોલેજના અને સરકારી આટર્સ એન્ડ કોમર્સ કોલેજ, ગાંભોઈ  કોલેજના ઉપક્રમે સાબરકાંઠા જિલ્લાકક્ષાનો નેશનલ યુથ પાર્લામેન્ટ ફેસ્ટીવલ-૨૦૧૯ ઉપક્રમે કાર્યક્રમ યોજાયો. પૂર્વ સાંસદ શ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ હાજર રહી શુભેચ્છા પાઠવી હતી.જજ પદે પ્રિ.ડૉ.કે.એલ.પટેલ હતા. ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહી મહિલા આટર્સ કોલેજની કુ. નીશા પટેલે પાંચમો ક્રમ સ્પર્ધામાં પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું.

'ડાયાબીટીશ નિવારણ અભિયાન'

- તા. ૩૦-૦૧-૨૦૧૯ ના રોજ રોટરી કલબ. મુંબઈ અને રોટરી કલબ દિલ્હીના ૩૩ જેટલા સાયકલ સવારોની 'ડાયાબીટીશ નિવારણ અભિયાન' લઈ દિલ્હીથી મુંબઈ સુધી મહારેલી યોજાઈ હતી. જેનું ભવ્ય સ્વાગત મહિલા આર્ટ્સ કોલેજના પ્રિ.ડૉ.કે.એલ.પટેલ તથા સૌ સ્ટાફ મિત્રોએ કર્યું હતું. અને યોગ્ય જાણકારી સભર માર્ગદર્શન મેળવ્યું હતું.



Scanned with CamScanner

**મેઘા પ્લેસમેન્ટ ફેર**

- તા.૦૧-૦૨-૨૦૧૯ના રોજ 'જિલ્લા કક્ષાના મેઘા પ્લેસમેન્ટ ફેર ના ઉદ્દઘાટક કાર્યક્રમમાં પોલીટેકનિક કોલેજ, હિંમતનગર ખાતે પ્રિ.ડૉ.કે.એલ.પટેલ અને ડૉ. એ.વી .દેસાઈએ હાજરી આપી હતી. કુલ ૩૩ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.
- તા ૦૪-૦૨-૨૦૧૯ના રોજ પી.આર.પટેલ આર્ટ્સ કોલેજ, પલાસર ખાતે 'CAS' અંતર્ગત તજજ્ઞ તરીકે પ્રિ. ડૉ.કે.એલ.પટેલ હાજર હતા.

**વાર્ષિક રમતોત્સવ**

- તા.૦૬-૦૨-૨૦૧૯ ના રોજ મહિલા આટર્સ કોલેજનો વાર્ષિક રમતોત્સવ પ્રિ.ડૉ.કે.એલ.પટેલ અધ્યસ્થાને યોજાયો હતો. જેમાં કોલેજની વિદ્યાર્થીનીઓએ દોડ, ગોળા ફેક, ચક ફેંક, દોરડા ખેંચ, સંગીત ખુરશી, લીંબુ ચમચી, ઘડા દોડ જુદી જુદી રમતોમાં ભાગ લીધો હતો

**આયોજન મૂલ્યાંકન વર્કશોપ ,**

- તા.૬-૭-ફેબ્રુઆરી-૨૦૧૯ ના રોજ યુનિ. પાટણના ઉપક્રમે N.S.S પ્રો.ઓફિસર અને પ્રિન્સીપાલોના આયોજન મૂલ્યાંકન વર્કશોપમાં મહિલા કોલેજના પ્રિ. ડૉ.કે.એલ.પટેલ અને ડૉ.બી.એલ.પટેલે હાજરી આપી હતી.

**જ્ઞાનધારા વ્યાખ્યાન**

- તા.૦૮-૦૨-૨૦૧૯ના રોજ આંતર કોલેજ વ્યાખ્યાન માળા અને જ્ઞાનધારા ના ઉપક્રમે પલાસર આર્ટ્સ કોલેજના ગુજરાતી વિભાગના પ્રો.ડૉ.વિષ્ણુભાઈ બી.પટેલે 'ગુજરાતી ભાષામાં ધ્વનિ પરિવર્તન' વિષય પર રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતુ. જેમાં કોલેજની ૨૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ લાભ લીધો હતો.
- ફેકલ્ટી એકસચેન્જ
- તા. ૮-૨-૧૯ના રોજ વડાલી આટર્સ કોલેજ અને મહિલા આટર્સ કોલેજ દ્વારા ફેકલ્ટી એકસચેન્જ અંતર્ગત અગાઉ લીધેલ વ્યાખ્યાનોની પ્રત તેમજ આગામી સમયમાં વધુ વ્યાખ્યાનોનું એમ.ઓ.યુ કરવામાં આવ્યું.

**રાજ્યકક્ષાના સેમિનારમાં અધ્યક્ષ પદે**

- તા.૯-૨-૧૯ના રોજ મહિલા આટર્સ કોલેજ આટર્સ, વિજાપુર ખાતે યોજાયેલ "ગુજરાતી કાવ્યાસ્વાદ" વિષે રાજ્યકક્ષાના સેમિનારમાં સંશોધન પેપર વાંચનના અધ્યક્ષ પદે પ્રિ.ડૉ.કે.એલ.પટેલ હાજર રહ્યા હતા.
- તા.૧૧-૦૨-૨૦૧૯ના રોજ પ્રિ.ડૉ.કે.એલ.પટેલના અધ્યક્ષસ્થાને NAAC અંતર્ગત સ્ટાફ મીટીંગ યોજાઈ. જેમાં કન્વીનર ડૉ.બી.એલ.પટેલે વિવિધ ક્રાયટેરીયા મુજબ કામગીરીની વિગતે ચર્ચા કરી હતી. સૌ સ્ટાફ સહભાગી થયા હતા.



Scanned with CamScanner




નારી સુરક્ષા અભિયાન



અગાસના અધિવેશન પ્રસંગે ઉપસ્થિત મહેમાનો



શ્રેષ્ઠ કલેક્ટર મા.શ્રી બંછાનિધી પાનીનું બહુમાન




પ્રતિભા સન્માન



કમ્પ્યુટર અવરનેશ પ્રોગ્રામ



કારકીર્દિ માર્ગદર્શન કાર્યક્રમ




સ્કાઉટ અંર્તગત પોસ્ટર મેકીંગ સ્પર્ધાનું નિદર્શન



મહિલા આર્ટ્સ કોલેજની મહિલા વોલીબોલ ચેમ્પીયન ટીમ

Scanned with CamScanner



જનજાગૃતિ રેલી



સપ્તધારા ની કલસ્ટર લેવલની સ્પર્ધા



પ્રદર્શન નિહાળતા પૂર્વ ગૃહમંત્રી
પ્રફુલભાઇ પટેલ તથા મહાનુભાવો



જ્ઞાનસત્રનો લાભ લેતા વિદ્યાર્થીઓ અને મહાનુભાવો



પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા પોલીસ વડા
ભક્તિબા ડાભી



નવરાત્રી મહોત્સવની રમઝટ



જ્ઞાનસત્રમાં ઉપસ્થિત આનંદમૂર્તિજી
અને ભૂતપૂર્વ સાંસદ ડૉ.મહેન્દ્રસિંહજી ચૌહાણ




રાષ્ટ્રીય મતદાર દિવસની ઉજવણી


Scanned with CamScanner



ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન પ્રસંગે સ્મૃતિ ભેટ અર્પણ



બ્યુટી કેર સેમિનાર અંતર્ગત કેશકલા ગુંથન કાર્યક્રમ



પુસ્તક પ્રદર્શન



ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ



બ્લડ ડોનેશન કાર્યક્રમ



નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છ ભારત કાર્યક્રમમાં
ઉપસ્થિત ન.પા. હિંમતનગરના ચીફ ઓફીસર નરેશભાઈ પટેલ



પરખ સંસ્થાના ઉપક્રમે આયોજિત રોજગાર માર્ગદર્શન આપતા
પરખના સી.ઇ.ઓ. સુરેશભાઇ પટેલ



ફેકલ્ટી એક્સચેંજ પ્રોગ્રામ અંતર્ગત
પલાસર આર્ટ્સ કોલેજના પ્રો.ડૉ.વિષ્ણુભાઇ પટેલનું વ્યાખ્યાન

Scanned with CamScanner



મા.શ્રી ડૉ.ડી.એલ.પટેલ જ્ઞાનસત્રમાં સંબોધન કરતા
ઇન્ટરનેશનલ વક્તા મા.શ્રી ડૉ.ગીરીશભાઇ પટેલ



યુનિ.વ્યાખ્યાનમાળા અંર્તગત વક્તવ્ય આપતા
મા.શ્રી.ઋષિરાજ અગ્નિહોત્રી




સર્જક કેફીયત રજુ કરતા જાણીતા સાહિત્યકાર
મા.પ્રિ. ડૉ.કિશોરસિંહ સોલંકી



વિદ્યાનગરી આયોજીત નવરાત્રી મહોત્સવમાં
ઉપસ્થિત ડૉ.ડી.એલ.પટેલ અને મંડળના હોદ્દેદારો



સ્કોપ અને કોમ્પ્યુટર માર્ગદર્શન કાર્યક્રમ



વાલી સ્નેહ સંમેલનમાં સંબોધન કરતા મંડળના
પ્રમુખ મા.શ્રી.ડૉ.ડી.એલ. પટેલ



મહિલા સશક્તિકરણ કાર્યક્રમ



યુનિ.વ્યાખ્યાનમાળાને ખુલ્લી મુકતા સાહિત્યકાર
મા.શ્રી રામચંદ્ર પટેલ

Scanned with CamScanner